# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2023** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંઘાડ વાંચે છે.**

---

- ❖ ગાંધીનગરમાં ટેક્ષટાઇલ સહિત ચાર ક્ષેત્રમાં 1 હજાર 100 કરોડથી વધુના રોકાણ હેતુથી ચાર સમજૂતી કરાર થયા
- ❖ રાજ્યની ૧૧ પબ્લિક યુનિવર્સિટીઓમા આગામી નવમી ઓક્ટોબર - ૨૦૨૩ થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ વિધેયક - ૨૦૨૩ની જોગવાઈઓ લાગુ પડશે.
- ❖ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે 2047 સુધીમાં ગુજરાત એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની જશે
- ❖ દાહોદ ખાતે વાયબ્રન્ટ ગુજરાત -વાયબ્રન્ટ દાહોદ કાર્યક્રમમા જિલ્લાના 13 કરોડ 20 હજારના સમજૂતી કરાર કરવામાં આવ્યા
- ❖ વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા નિમિત્તે આજે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમનું આયોજન કરાયું.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM- MOU

ગાંધીનગરમાં ટેક્ષટાઇલ, ઉર્જા, સંરક્ષણ અને અવકાશ ક્ષેત્ર માટે ૧ હજાર ૧૦૦ કરોડથી વધુના રોકાણ હેતુથી ચાર સમજૂતી કરાર થયા છે. આ ઉદ્યોગોમાં અંદાજે ૧ હજાર ૧૯૦ જેટલી રોજગારીની તકોનું નિર્માણ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગાંધીનગર ખાતે આ સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરાયા છે.

આ MoU અનુસાર સુરત જિલ્લાના ઇચ્છાપોર ખાતે પોલિ ફિલ્મ્સ મેન્યુફેક્ચરીંગ યુનિટ શરૂ કરવા માટે એસ. એમ. એલ. ફિલ્મ્સ લિમિટેડ દ્વારા ૪૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

પેકેજિંગ સેક્ટરના ઉદ્યોગ માટે ભરૂચ જિલ્લામાં આકાશ પોલિ ફિલ્મ્સ લિમિટેડ દ્વારા ૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરાશે. તેમજ ભરૂચમાં કેમિકલ ડાઈઝ ક્ષેત્રે સુપરીત કેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૧૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.. આ ઉપરાંત પાવર, ડિફેન્સ અને સ્પેસ ક્ષેત્રે ૧૦૦ કરોડ રૂપિયાના રોકાણો માટે MoU થયા હતા.

ઉલ્લેખનીય છે કે, ગત જુલાઇથી અત્યાર સુધીમાં આઠ તબક્કામાં કુલ ૧૪ હજાર ૬૩૬ કરોડ રૂપિયાના ૩૫ સમજૂતી કરાર થયાં છે.

---

-રીપીટ

# Public Universities Bill-1

રાજ્યની ૧૧ પબ્લિક યુનિવર્સિટીઓમા આગામી નવમી ઓક્ટોબર -૨૦૨૩ થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ વિધેયક - ૨૦૨૩ની જોગવાઈઓ લાગુ પડશે.

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવી વધુમાં ઉમેર્યું હતું કે આ કાયદા અંતર્ગત વડોદરાની ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી, આણંદની સરદાર પટેલ યુનિવર્સિટી, સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , રાજકોટમાં આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભાવનગરની મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, કચ્છમાં આવેલી ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગોધરાની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

યુનિવર્સિટીના કુલપતિની ટર્મ પાંચ વર્ષની રહેશે. એક ટર્મ પૂર્ણ થયા બાદ અન્ય યુનિવર્સિટીના કુલપતિ તરીકે પાંચ વર્ષ ફરી વખત નિમણૂંક કરી શકાશે. જેનાથી યુનિવર્સિટીને કૌશલ્યવાન, શ્રેષ્ઠ કુલપતિ પ્રાપ્ત થશે.

આ વિધેયકની જોગવાઈઓના પાલનથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦માં થયેલ સૂચનોનું અમલીકરણ વધુ સારી રીતે થઇ શકાશે. સુયોગ્ય સંકલનથી યુનિવર્સિટીઓ દ્વારા સુગઠિત નાણાંકીય અંકુશ આવશે. વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તનાત્મક સંશોધનોને વેગ મળશે અને યુનિવર્સિટીને વધુ ઓટોનોમી પ્રાપ્ત થશે તેમ મંત્રીએ કહ્યું હતું.

# Public Universities Bill-2

આ એક્ટ અંતર્ગત યુનિવર્સિટીમાં વિવિધ ઓથોરિટીઝની પણ જોગવાઈ કરાઇ છે. જે અંતર્ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટ યુનિવર્સિટીના મુખ્ય નિર્ણયકર્તા હશે.

એકેડમિક કાઉન્સિલ શિક્ષણ, સંશોધન, વિસ્તરણ, મૂલ્યાંકન અને શૈક્ષણિક નીતિઓ ઘડવામાં ખુબ જ મહત્વની ભૂમિકા ભજવશે. યુનિવર્સિટીના કુલપતિ દ્વારા કોલેજના અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટીના પ્રોફેસરો, અધ્યક્ષોની નિમણૂકમાં ૩૩% મહિલા સભ્યોની જોગવાઈ કરાઈ છે.

યુનિવર્સિટીમાં સેનેટ અને સિન્ડિકેટને સ્થાને બોર્ડ ઓફ મેનેજમેન્ટ કાર્યરત બનશે. નવા અભ્યાસક્રમો, સંસાધન અને સંસોધનને વેગ મળશે.

---

-માહિતી, જયેશ વેગડા, -(નવીન)

# GUJ-CM FICCI

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દેશ આઝાદીના 100 વર્ષ પૂર્ણ કરશે ત્યારે 2047 સુધીમાં ગુજરાત એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની જશે.

ગઇકાલે ગાંધીનગરમાં યોજાયેલી ભારતીય વાણિજ્ય અને ઉદ્યોગ મહાસંઘ- FICCIની રાષ્ટ્રીય કારોબારી સમિતિની બેઠકના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, FICCI એ ગુજરાતને ભારતના ગ્રોથ એન્જિન તરીકે દર્શાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાત દેશના ભૌગોલિક વિસ્તારના માત્ર 6 ટકા સાથે રાષ્ટ્રીય જીડીપીમાં આઠ ટકા યોગદાન આપે છે. ગુજરાત કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં 18 ટકા અને દેશની કુલ નિકાસમાં 30 ટકા હિસ્સો ધરાવે છે. બે દાયકા પહેલા રાજ્યનું કુલ ઔદ્યોગિક ઉત્પાદન 1.27 લાખ કરોડ રૂપિયા હતું, જે વધીને 16.19 લાખ કરોડ રૂપિયા થયું છે.

---------------------------------------------------------------------

-પુલ, હર્ષ -(નવીન)

# GMERS College of Porbandar

પોરબંદર જિલ્લાની GMERS મેડિકલ કોલેજ સમગ્ર રાજ્યની 39 મેડિકલ કોલેજમાંથી બાયોમેટ્રિકમાં પ્રથમ આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર રાજ્યના અલગ-અલગ 7 જેટલા જિલ્લામાં મેડિકલ કોલેજની જાહેરાત કરવામાં આવી હતી. પોરબંદરની આ મેડિકલ કોલેજ 39 જેટલી મેડિકલ કોલેજમાંથી રાષ્ટ્રીય તબીબી કમીશન (NMC)ના બાયોમેટ્રિક પોર્ટલ પર ડોકટરોની બાયોમેટ્રિકને લઈને પ્રથમ આવી છે. NMCના પોર્ટલ પર પ્રતિદિન 90 થી 95% ડોકટરો રેગ્યુલર બાયોમેટ્રિક કરી રહ્યા છે.

હાલ મેડિકલ કોલેજમાં 30 અલગ-અલગ ફેકલ્ટી તેમજ 22 સિનિયર રેસિડેન્ટ સહિત 52 ડોકટરો ફરજ બજાવી રહ્યા છે. જેમાંથી NMCના બાયોમેટ્રિક પોર્ટલ પર 51 ડોકટરો રેગ્યુલર બાયોમેટ્રિક કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. અને હાલ NMCના પોર્ટલ પર પોરબંદરની મેડિકલ કોલેજ ગ્રીન ઝોન પર રહેલ છે.

---

-ડીડીન્યુઝ, રિદ્ધિ, -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

......................................

# Vibrant Dahod-1

દાહોદ ખાતે પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં યોજાયેલા વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ દાહોદ કાર્યક્રમમા 13 કરોડ 20 હજારના સમજૂતી કરાર કરવામાં આવ્યા અને બે દિવસીય ઔદ્યોગિક તથા કુટીર પ્રદર્શન સ્ટોલ ખુલ્લા મુકાયા.

દાહોદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રેમશંકર કડિયા જણાવે છે કે પંડિત દીનદયાલ ઓડિટોરિયમ દાહોદ ખાતે યોજાયેલા વાઇબ્રન્ટ ગુજરાત-વાઇબ્રન્ટ દાહોદ કાર્યક્રમમા ડો. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે જેવી રીતે વાઇબ્રન્ટ ગુજરાત થકી ઉદ્યોગના રોકાણ ક્ષેત્રે દેશમાં ગુજરાત રોલ મોડલ રાજ્ય તરીકે વિકસી આવ્યું એવી જ રીતે વાઇબ્રન્ટ દાહોદ કાર્યક્રમ થકી રાજ્યમાં રોકાણ ક્ષેત્રે અને વેપાર ઉદ્યોગ માટે દાહોદ જિલ્લો રોલ મોડેલ બને તેવા સહિયારા પ્રયાસો કરવામાં આવશે.

આ પ્રસંગે રાજ્યના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ  એ જણાવ્યું હતું કે , વર્ષ 2003 માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન પ્રધાનમંત્રી  શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે બે દાયકાઓ પૂર્ણ કર્યા છે, અને જાન્યુઆરી 2024માં તેની 10 આવૃત્તિ આયોજિત થવા જઇ રહી છે. રાજ્યના તમામ 33 જિલ્લાઓ વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ થીમ હેઠળ કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે.

આ પ્રસંગે દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, રોજગારી આપવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે છે. વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ દાહોદ થકી જિલ્લામાં સ્થળાંતર અટકશે અને રોજગારીમાં વધારો થશે.

# Vibrant Dahod-2

વાઇબ્રન્ટ ગુજરાત વાઇબ્રન્ટ દાહોદ થકી જિલ્લાના ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગ માટે મંચ મળ્યું છે જેના થકી જિલ્લા ઉદ્યોગ સાહસિકોને આર્થિક ઉપાર્જનમાં મદદરૂપ થશે.

આ પ્રસંગે ક્રેડિટ લિકેજ સેમિનાર, એક્સપોર્ટ સેમિનાર, એક્ઝિબિશન, ઓડીઓપી બજાર તથા ઔદ્યોગિક તથા કુટીર પ્રદર્શન સ્ટોલના સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લાના ઉદ્યોગકારો સાથે સમજૂતી કરાર થયા અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને ચેક તથા કીટનું વિતરણ કરાયું. આ પ્રસંગે ઉધોગપતિઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી દાહોદ / જયેશ વેગડા

-(નવીન)

# VIBRANT SUMMIT 20 YEARS

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આજે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમનું આયોજન કરાયું છે.

કાર્યક્રમની શરૂઆતમાં દ્રશ્ય- શ્રાવ્ય ફિલ્મ દ્વારા માહિતી અપાશે તેમજ ગુજરાતના ખાણ અને ઉદ્યોગ વિભાગના સચિવ એસ.જે. હૈદર વાયબ્રન્ટ ગુજરાત પરિષદ અંગે પ્રેન્ઝન્ટેશન આપશે. ત્યારબાદ અગ્રણી ઉદ્યોગપતિઓ ગુજરાતમાં તેમના અનુભવો અંગે વાત કરશે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય સંબોધન કરશે. આજે સાંજે મિશનના વડાઓ સાથે વાર્તાલાપનો કાર્યક્રમ યોજાશે જેમાં કેન્દ્રિય વિદેશમંત્રી એસ. જયશંકર સંબોધન કરશે.

---

-રીપીટ

# Bhavnagar- Kaliyar

ભાવનગરનો કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન 16મી ઓક્ટોબરથી મુલાકાતીઓ માટે ખુલ્લો મુકાશે.

અમારા ભાવનગરના પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે ખાસ કરીને ઓકટોબરથી ફેબ્રુઆરી મહિના સુધી યાયાવર પક્ષીઓ માટે આ વિસ્તાર અભય સ્થાન છે. હેરીયર કુળના પક્ષીઓનું સામુદાયિક રાત્રી રોકાણ આ રાષ્ટ્રીય ઉદ્યાનને સમગ્ર વિશ્વમાં નોંધ લેવા પ્રેરે છે. પ્રવાસીઓને રાત્રી રોકાણ માટે ઈકો-ટુરીઝમ ડેવલપમેન્ટ કમિટિ, વેળાવદર હસ્તકની ડોરમેટરીમાં જ બુકીંગ કરાવાનું રહેશે.

---------------------------------------------------------------------

-પીટીસી, ભાવનગર, રિદ્ધિ -(નવીન)

# Gir Somnath- Jadadhan festival

ગીર સોમનાથના આંકોલવાડી ખાતે જાડાધાન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

અમારા ગીરસોમનાથના પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે આંગણવાડી બહેનો દ્વારા વિવિધ જાડાધાનની વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તાલાલા તાલુકાના આશરે 400થી વધુ ખેડૂત ભાઈ-બહેનો, કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ, આંગણવાડી કાર્યકર બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં આવેલ મહાનુભાવો, ખેડૂતો સહિત અધિકારીઓ માટે જાડાધાન આધારિત પારંપારિક વાનગીઓના ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

------------------------------------------------------------------------

-પીટીસી, ગીર સોમનાથ, રિદ્ધિ-(નવીન)

# Patan - World Space Week

વિશ્વ અવકાશ સપ્તાહની ગઈકાલે પાટણ જિલ્લાના રિજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે ઉજવણી કરવામાં આવી.

અમારા પાટણના પ્રતિનિધી રમેશ સોલંકીના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમમાં જિલ્લાની જુદી જુદી શાળાઓના 310 થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તથા 200 થી વધુ જાહેર જનતાએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સામાન્ય જનતાના કલ્યાણ અને ટકાઉ વિકાસ માટે અવકાશ ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો છે. આ પ્રસંગે સ્વચ્છ ભારત, સ્વચ્છ અવકાશ થીમ આધારીત ક્વિઝ, વકૃત્વ અને ચિત્ર સ્પર્ધા તેમજ વિદ્યાર્થીઓને મોડેલ મેકિંગ સ્પર્ધા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, રિદ્ધિ -(નવીન)